## સંક્ષિપ્ત સમાચાર

### કામરેજ ફ્લિપકાર્ટ વેરહાઉસમાં ઠગાઈ બદલ પાંચ સામે પોલીસ ફરિયાદ

કામરેજ: કામરેજ ખાતે આવેલા ફ્લિપકાર્ટના વેરહાઉસમાં ₹82.73 લાખથી વધુની મોટી છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે. કંપનીના મુંબઈ સ્થિત ટીમ લીડર જયદીપ જુજારાવને ઓર્ડર કેન્સલ થતાં પરત આવેલા એપલ લેપટોપની જગ્યાએ જૂની પ્રોડક્ટ મળી આવતાં આ કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. પુણેથી આવેલી મેનેજમેન્ટની ટીમે તપાસ કરતાં વેરહાઉસમાંથી અસલ સામાનની જગ્યાએ મોટા ભાગની ડુપ્લિકેટ પ્રોડક્ટ્સ મળી આવી હતી. સીસીટીવી ફૂટેજ પણ ગાયબ કરાયાં હતાં. આ ગુનામાં વેરહાઉસના સુપરવાઈઝર કાની ચેખલીયા, લખન ઉર્ફે પ્રશાંત વાંજા, વૈભવ, ગોવિંદ અને ગોપાલે પરસ્પર મળી કીમતી સામાન બદલી નાંખ્યો હતો. આ પાંચેય આરોપી સામે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.

### કામરેજ તાલુકા કોળી પટેલ સમાજના પ્રમુખ તરીકે દિનેશ પટેલની વરણી



કામરેજ: કામરેજ તાલુકામાં વસવાટ કરતાં તળપદા કોળી પટેલ સમાજની કામરેજ ચાર રસ્તા ખાતે મિટિંગ યોજાઈ હતી, જેમાં પ્રમુખ સહિત કમિટી સભ્યોની મુદત પૂર્ણ થતાં નવા હોદ્દેદારોની નિમણૂક કરવામાં આવી હતી. જેમાં કોળી ભરથાણા ગામના સરપંચ એવા દિનેશ ખુશાલભાઈ પટેલની પ્રમુખ તરીકે તેમજ ઉપપ્રમુખ તરીકે જયેશ હસમુખભાઈ પટેલ (ડુંગરા), ધર્મેશ રામુભાઈ પટેલ (ઘલુડી), ચિન્ટુ હસમુખભાઈ પટેલ (કરજણ), ખજાનચી તરીકે હેમંત મનહરભાઈ પટેલ (નેત્રંગ), સહ ખજાનચી તરીકે મહેશ ગોવિંદભાઈ પટેલ (ડુંગરા)ની બિનહરીફ વરણી કરવામાં આવી હતી.

### બગુમરામાં લૂંટ કેસનો ભેદ ઉકેલાયો

પલસાણા: પલસાણાના બગુમરા ગામની સીમમાં ૮ જૂને થયેલી લૂંટનો ભેદ ઉકેલવામાં પોલીસને સફળતા મળી છે. સિલ્વર પ્લાઝા પાસે ચાર અજાણ્યા યુવકોએ નીરજ નામના યુવક પર ચપ્પુ વડે હુમલો કરી મોબાઈલ, ₹૮૦૦ રોકડા અને બાઈકની લૂંટ ચલાવી હતી. પીછો કરવા દરમિયાન બાઈક સ્લિપ થતાં લુંટારુઓ તેને મૂકીને ભાગી ગયા હતા. પલસાણા પોલીસે બાતમીના આધારે મુખ્ય આરોપી નિહાલ ઉર્ફે કાલુ રામુ પાલ (ઉ.વ.૨૦)ને બગુમરા નહેર પાસેથી દબોચી લીધો હતો. પકડાયેલા આરોપીનો NDPS એક્ટ હેઠળનો ગુનાહિત ઇતિહાસ પણ સામે આવ્યો છે. હાલ પોલીસ અન્ય ત્રણ ફરાર આરોપીની શોધખોળ ચલાવી રહી છે.

### પલસાણાના વરેલી BRTS પાસે ચક્કર આવતાં પડી ગયેલા વૃદ્ધનું મોત

પલસાણા: જોળવાની અમરવાટિકા સોસાયટીમાં રહેતા ૭૪ વર્ષીય શ્રીકૈલાશનાથ રામમુરત યાદવ ગત તા.૧૦/૬/૨૦૨૬ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યાના અરસામાં વરેલી BRTS પાસેથી પસાર થઈ રહ્યા હતા. દરમિયાન અચાનક ચક્કર આવી જતાં તેઓ રસ્તા પર ઢળી પડ્યા હતા. નીચે પટકાવાને કારણે તેમના માથાના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આથી વૃદ્ધને તાત્કાલિક સારવાર અર્થે સુરતના કતારગામની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમણે અંતિમ શ્વાસ લીધા હતા.

### અમરકુઈમાં ટ્રક અડફેટે બાઈક સવારનું મોત



વિનોદ મૈસુરીયા

વાંકલ: માંગરોળના ઝંખવાવ-મીરાપુર રોડ પર અમરકુઈ ગામની સીમમાં માર્ગ અકસ્માત સર્જાયો હતો. દોલનપુરથી કામ પતાવી મોટરસાઈકલ નં.(GJ-19-BH-5170) પર પરત ફરી રહેલા ૨૨ વર્ષીય વિષ્ણુસિંહને રાધે સ્ટોન ક્વોરીના જોખમી વળાંક પાસે એક બેફામ ગતિએ આવતી હાઈવા ટ્રકે જોરદાર ટક્કર મારી હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ટ્રક નં.(DD-01-S-9914)નું ભારે ભરખમ ટાયર યુવાનના શરીર પર ફરી વળતાં તેનું મોત નીપજ્યું હતું. આ ઘટનાથી મૃતકના પરિવારમાં ભારે શોક વ્યાપી ગયો છે. પોલીસે આ મામલે રાજસ્થાનના ટ્રક ચાલક ધર્મોરામ ગુજર વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

### તરસાડીના સ્મશાન ઘાટમાં છતની એંગલ સાથે દોરી વડે યુવાનનો આપઘાત

હથોડા: તરસાડી વિસ્તારના ભરચક એરિયામાં આવેલા સ્મશાન ઘાટ ખાતે સીડી દ્વારા સ્મશાનની છતની હૂક સુધી પહોંચી દોરી બાંધી અગમ્ય કારણસર અજાણ્યા કામદાર યુવાને ફાંસો ખાઈ મોત વહાલું કરી લેતાં વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં લોકટોળું ભેગું થયું હતું. પોલીસને જાણ કરતાં પોલીસે લાશનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી છે.

### ગામડી ગામે દીપડાનો બકરી પર હુમલો

કુકરમુંડા: કુકરમુંડાના ગામડી ગામની સીમમાં ગુરુવારે પશુપાલક જહગુભાઈ વળવી બકરીઓ ચરાવી રહ્યા હતા, ત્યારે શેરડીના ખેતરમાંથી અચાનક ધસી આવેલા દીપડાએ એક બકરી પર હુમલો કર્યો હતો. દીપડો બકરીને ખેંચીને ખેતરમાં લઈ ગયો હતો, પરંતુ પશુપાલકની બૂમાબૂમ સાંભળી આસપાસના ખેડૂતો દોડી આવતા દીપડો ભાગી ગયો હતો. આ ઘટનાથી સમગ્ર પંથકમાં ભારે ભયનો માહોલ ફેલાયો છે.

### પાલોદ મર્ડર કેસનો આરોપી મહારાષ્ટ્રના પુણેથી ઝડપાયો



ઈબ્રાહીમ કાનુ, ઈલ્યાસ શેખ

હથોડા, પલસાણા: પીપોદરા GIDC વિસ્તારમાં ગત ૮ જૂનના રોજ બંસરી ટેક્સટાઈલ પાર્ક પાસે પૈસાની લેતી-દેતી બાબતે થયેલા ઝઘડામાં ૩૯ વર્ષીય જીતેન્દ્ર ઉર્ફે રાજુ પઢીયારની ચપ્પુના ઘા ઝીંકી હત્યા કરવામાં આવી હતી. આ સનસનીખેજ ગુનાનો ભેદ ઉકેલવામાં સુરત ગ્રામ્ય લોકલ ક્રાઇમ બ્રાન્ચને મોટી સફળતા મળી છે. પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીર સિંહ અને એસ.પી. રાજેશ ગઢિયાના માર્ગદર્શન હેઠળ તપાસ કરી રહેલી LCB ટીમે ટેક્નિકલ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે મહારાષ્ટ્રના પુણે જિલ્લાના ડોકસાંગવી ગામમાંથી ૨૮ વર્ષીય આરોપી સૂરજ ઉર્ફે સૂર્યા મરાઠી શીંદેને ઝડપી પાડ્યો છે. આરોપી સૂરજે પોતાના મિત્ર સુબાલા ગૌડા સાથે મળીને આ હત્યા કરી હોવાની કબૂલાત કરી છે. ગુનાહિત ઇતિહાસ ધરાવતા આ આરોપીને આગળની કાર્યવાહી માટે પાલોદ પોલીસને સુપરત કરાયો છે.

### ઉચ્છલની મંગળવારી બજારમાંથી બાઈક ચોરી

વ્યારા: ઉચ્છલના વડપાતળ ગામના ૨૫ વર્ષીય હેમંતભાઈ ગામીત ગત તા.૯ જૂનના રોજ પોતાની મોટરસાઇકલ નં.(GJ 26 K 9036) લઈ ઉચ્છલની મંગળવારી બજારમાં ગયા હતા. તેમણે બાઈક બિરસામુંડા સર્કલ પાસે પાર્ક કરી હતી. બજાર કરીને પરત ફરતા બાઈક ગાયબ જણાતાં તેમણે શોધખોળ કરી હતી. બાઈક ન મળતાં હેમંતભાઈએ ઉચ્છલ પોલીસ મથકે ચોરીની ફરિયાદ નોંધાવી હતી.

# બારડોલીમાં સરકારી જમીનના ભાડામાં પૂર્વ અને વર્તમાન નગરસેવક ભેરવાયા

**નગરસેવક** રાજેશ પટેલ અને માજી નગરસેવક નિમેશ શાહ સામે ૧.૧૮ કરોડ ભાડું ઉઘરાવવા બદલ છેતરપિંડીની કાર્યવાહી કરવા આદેશ

બારડોલી: બારડોલીમાં સરકારી જમીનને પોતાની માલિકીની ગણાવી વર્ષોથી ભાડું વસૂલતા અને લાખો રૂપિયાની છેતરપિંડી આચરતા રાજકીય આગેવાનો વિરુદ્ધ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. બારડોલી નગરપાલિકાના માજી કોર્પોરેટર નિમેશભાઈ ચીમનલાલ શાહ (પપ્પુ) અને વર્તમાન નગરસેવક તેમજ માજી કારોબારી સમિતિના અધ્યક્ષ રાજેશભાઈ મનુભાઈ પટેલ સામે છેતરપિંડી અને ગુનાહિત કાવતરા અંતર્ગત કાર્યવાહી શરૂ કરવાનો હુકમ બારડોલી કોર્ટે કર્યો છે.

કેસની વિગત મુજબ આરોપીઓએ બારડોલીના ધામડોદ રોડ પર પેટ્રોલ પંપની સામે આવેલી સરકારી બ્લોક નં.૩૫૦/૨/પી/પીર વાળી જમીનને પોતાની માલિકીની ગણાવી હતી. આ સરકારી જમીન પર કુલ ૧૪ ગાળામાં દુકાનો બનાવી વર્ષ-૨૦૧૭થી માસિક રૂ.૭,૦૦૦થી ૯,૦૦૦ ભાડું તેમજ ગાળા દીઠ રૂ.૧૦,૦૦૦ ડિપોઝિટ વસૂલવામાં આવતી હતી. આ રીતે આરોપીઓએ ફરિયાદીઓ તેમજ સરકાર સાથે કાવતરું રચી અત્યાર સુધીમાં આશરે રૂ.૧,૧૮,૦૦,૦૦૦ મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી. જે-તે સમયે ચોમાસાની ઋતુ હોવા છતાં, બારડોલી નગરપાલિકાના વહીવટી તંત્ર દ્વારા કોઈપણ પ્રકારની પૂર્વ નોટિસ આપ્યા વિના આ ખાણીપીણીની દુકાનોનું ડિમોલિશન કરી દેવામાં આવ્યું હતું. આ કાર્યવાહીના કારણે વર્ષોથી ત્યાં લારી-ગલ્લા ચલાવી ગુજરાન ચલાવતા ગરીબ પરિવારો રસ્તા પર આવી ગયા હતા અને તેમને મોટું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો હતો. દુકાનદારોના જણાવ્યા મુજબ તંત્ર દ્વારા રાજકીય મેળાપીપણામાં આ દબાણ હટાવવામાં આવ્યું છે.

આ મામલે ફરિયાદીએ અગાઉ ૨૨ ઓગસ્ટ-૨૦૨૪ના રોજ સુરત પોલીસ અધિક્ષકને લેખિત ફરિયાદ આપી હતી. પરંતુ બારડોલી ટાઉન પોલીસે યોગ્ય ફરિયાદ નોંધવાને બદલે સત્તાધિશોની તરફેણમાં એકતરફી કાર્યવાહી કરી અરજી ફાઈલ કરી દેવાની ધમકી આપી હતી.

બાદ અરજદારોએ ગુજરાત હાઈકોર્ટનાં દ્વાર ખટખટાવ્યાં હતાં. હાઈકોર્ટના આદેશ છતાં સ્થાનિક સ્તરે કોઈ કાર્યવાહી ન થતાં આખરે બારડોલીની કોર્ટમાં દાદ માંગવામાં આવી હતી. બારડોલીના મહેરબાન જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ જયેશ લક્ષ્મણભાઈ પરમારે પોલીસ રિપોર્ટ અને દસ્તાવેજી પુરાવાઓ ધ્યાને લીધા બાદ અવલોકન કર્યું કે આરોપીઓ વિરૂદ્ધ પ્રાથમિક દૃષ્ટિએ ગુનો બને છે.

કોર્ટે આ પરચૂરણ અરજી મંજૂર કરી તેને ક્રિમિનલ ઈન્કવાયરી તરીકે રજિસ્ટર કરવા તેમજ આરોપીઓ વિરુદ્ધ ઈ.પી.કો કલમ ૪૨૦ અને ૧૨૦(બી) મુજબ કાનૂની કાર્યવાહી શરૂ કરવાનો આખરી હુકમ કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજેશ પટેલ 2018-21 દરમિયાન બારડોલી નગરપાલિકાના કારોબારી સમિતિના ચેરમેન રહી ચૂક્યા છે અને હાલમાં ફરી એક વખત તેઓ વોર્ડ નં.7માંથી નગરસેવક તરીકે ચુંટાયા છે.

## નહેરમાં તણાયેલાં પિનલબેનનો મૃતદેહ અષ્ટગામ નજીકથી મળ્યો

**વાંસકુઈમાં** કૂતરું આડું આવતાં મોપેડ નહેરમાં ખાબક્યું હતું, પતિ બચી ગયો હતો



અનાવલ: અંબિકાના વાંસકુઈ નહેર ફળિયા વિસ્તારમાં ગુરુવારે સર્જાયેલી દુર્ઘટનામાં નહેરના ધસમસતા પાણીમાં તણાઈ ગયેલી મહિલાનો મૃતદેહ શુક્રવારે મળી આવ્યો હતો. ઘટનાને પગલે પરિવાર અને ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર તા.11 જૂનના રોજ વાંસકુઈ ગામના નહેર ફળિયા નજીકથી પસાર થતી કાકરાપાર ડાબા કાંઠાની મુખ્ય કેનાલમાં મોપેડ ખાબકતાં પિનલબેન વિશાલભાઈ પટેલ પાણીના વહેણમાં તણાઈ ગયાં હતાં. ઘટનાની જાણ થતાં પોલીસ, ફાયર બ્રિગેડ અને સ્થાનિક તરવૈયાઓ દ્વારા મોડી સાંજ સુધી શોધખોળ હાથ ધરવામાં આવી હતી, પરંતુ કોઈ ભાળ મળી નહોતી. દરમિયાન શુક્રવારે સવારે અષ્ટગામ ગામ નજીક જૂની રાજન હોટલની બાજુમાંથી પસાર થતી કાકરાપાર ડાબા કાંઠાની નહેરમાંથી મહિલાનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ મળી આવતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. પોલીસે સ્થળ પર પહોંચી જરૂરી કાર્યવાહી હાથ ધરી મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો.

ખેતરેથી ઘાસચારો કાપી પરત ફરી રહેલા દંપતીનું મોપેડ અચાનક કૂતરું આડું આવતાં અસંતુલિત થઈ નહેરમાં ખાબક્યું હતું. અકસ્માતમાં પતિ વિશાલભાઈનો બચાવ થયો હતો, જ્યારે પિનલબેન પાણીના જોરદાર પ્રવાહમાં તણાઈ જતાં ગુમ થયાં હતાં.

# માંગરોળનાં ૪ ગામમાં વીજ દરોડા, રૂ.૩૦ લાખની ચોરી ઝડપાઈ

**૧૮** ગાડીના કાફલા અને ૧૭ ટીમે ૮૮૩ કનેક્શન તપાસ્યાં




વાંકલ: માંગરોળ તાલુકામાં લાઈનલોસ અને ગેરકાયદે લંગરના કારણે ખોરવાતાં વીજ પુરવઠાની ફરિયાદો બાદ દક્ષિણ ગુજરાત વીજ કંપની એક્શન મોડમાં આવી છે. સુરત કોર્પોરેટ અને વિજિલન્સ વિભાગની ટીમોએ શુક્રવારે વહેલી સવારે ૬ વાગ્યે આકસ્મિક દરોડા પાડીને ૩૩ સ્થળેથી આશરે રૂ.૩૦ લાખની મસમોટી વીજચોરી પકડી પાડી છે. આ 'સર્જિકલ સ્ટ્રાઈક'થી વીજચોરોમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો છે.

લાંબા સમયથી લંગર દ્વારા થતી વીજચોરીના લીધે પાવર ગૂલ થતાં પ્રામાણિક ગ્રાહકો હેરાન થતા હતા. આ ગંભીર સમસ્યાના નિવારણ માટે સુરત, ભરૂચ અને વલસાડ જિલ્લાની સંયુક્ત વિજિલન્સ ટીમોએ મેગા ડ્રાઈવ હાથ ધરી હતી. અધિકારી આશિષ ડીમર અને ડેવિડ વસાવાના માર્ગદર્શન હેઠળ ૧૭ ટીમો ૧૮ ગાડીઓના કાફલા સાથે મેદાને ઊતરી હતી.

કોઈ અણબનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે ટીમોએ મોસાલી, સીમોદ્રા, આસારમા અને રણકપોર ગામોને ધમરોળી નાંખ્યા હતા. આ ગુપ્ત ઓપરેશનમાં કુલ ૮૮૩ વીજ કનેક્શનની ઝીણવટભરી તપાસ કરાતાં ૪ ગામમાંથી ૩૩ જગ્યાએ ગેરરીતિ ઝડપાઈ હતી, જેનો પ્રાથમિક આંકડો રૂ.૩૦ લાખ થાય છે. વીજ કંપનીએ તમામ ઝડપાયેલાં તત્ત્વો સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરી છે. સવાર-સવારમાં થયેલી આ કડક કાર્યવાહીથી સમગ્ર પંથકના વીજચોરોમાં સન્નાટો વ્યાપી ગયો છે.

## કામરેજની યુવતીની ફેક આઈ.ડી. બનાવી પોસ્ટ કરનાર સામે ફરિયાદ

કામરેજ: મૂળ અમરેલીના વતની અને હાલ કામરેજના નનસાડ રોડ પર આવેલી સોસાયટીમાં રહેતી ધો.11માં અભ્યાસ કરતી સપના (નામ બદલ્યું છે) માતા-પિતા તેમજ ભાઈ સાથે રહે છે. એક અઠવાડિયા અગાઉ પાડોશમાં રહેતા એક યુવકે સપનાને જણાવ્યું કે તું કેમ મને ઈન્સ્ટાગ્રામ પર ગાળો આપે છે તેવી વાત કરતાં સપનાએ જણાવ્યું કે કોઈપણ સોશિયલ મીડિયા એકાઉન્ટ જ નથી બનાવ્યું તો કેવી રીતે ગાળો આપું. કોઈ અજાણી વ્યક્તિએ ફેક આઈ.ડી. બનાવીને ગાળો આપે છે. સપનાનો ફોટો મૂકી સોસાયટીમાં રહેતા છોકરાઓને, સપનાના મિત્રોને, સંબંધીઓને મેસેજ કરીને અપશબ્દ અને ધમકી આપી રોમેન્ટીક શાયરીવાળાં પોસ્ટર્સ લખી સ્ટેટસમાં મૂકનાર સામે કામરેજ પોલીસ મથકમાં સપનાની માતાએ અજાણ્યા ઈસમ સામે ફરિયાદ નોંધાવી હતી.

## સાંધીએર નજીક વાનમાંથી દારૂ ઝડપાયો

સાયણ: ઓલપાડ પોલીસે બાતમીના આધારે અટોદરાથી સાંધીએર જતા રોડ પર જે.પી. એસ.હોમ્સ ફાર્મ સામે વોચ ગોઠવી એક મારુતિ વાન નં.(GJ-05-CP-0572) ઝડપી પાડી હતી. તપાસ દરમિયાન વાનમાંથી રૂ.૧.૧૭ લાખનો ૫૮૫ લીટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે લવાછા ગામના ૧૭ વર્ષના સગીરની અટકાયત કરી દારૂ, વાન અને મોબાઈલ મળી કુલ રૂ.૧,૭૨,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. પૂછપરછમાં આ દારૂ ગોથાણ બંગાર કોલોનીના બુટલેગર સંજય ઠાકોર ચૌહાણે મંગાવ્યો હોવાનું ખૂલતાં પોલીસે તેને વોન્ટેડ જાહેર કરી વધુ તપાસ હાથ ધરી છે.

## મહુવેજ નજીક કંપનીના ગોડાઉનમાં આગ ભભૂકી ઊઠી




■ હથોડા: કોસંબા પોલીસ મથક હદ વિસ્તારના મહુવેજ નજીક ઓવરબ્રિજ પાસે આવેલી સુમીલોન કંપનીના ગોડાઉનમાં રહેલા વેસ્ટેજના જથ્થામાં મોડી સાંજે કોઈક કારણસર અચાનક આગ લાગતાં ભાગદોડ મચી ગઈ હતી. ઘટનાની જાણ કરવામાં આવતાં 6 જેટલા ફાયર ફાઈટરે અલગ અલગ જગ્યાએથી ઘટના સ્થળે પહોંચી આગને કાબૂમાં લેવા પ્રયાસો હાથ ધર્યા હતા. આ બનાવમાં કોઈ જાનહાનિ થઈ નથી. (તસવીર: ઇબ્રાહિમ કાનુ)

## સંક્ષિપ્ત સમાચાર

### કામરેજના ખોલવડમાં રહેતા હીરા દલાલે ઝેરી દવા પી આપઘાત કર્યો

કામરેજ: મૂળ ભાવનગરના જેસર ગામના વતની અને હાલ કામરેજના ખોલવડ નજીક નક્ષત્ર પેલેસમાં ફ્લેટ નં.704માં રહી હીરા દલાલીનું કામ કરતા લાલજી રાવજીભાઈ રાઠોડ (ઉં.વ.47) એ બે દિવસ અગાઉ સાંજે 5.30 કલાકે પુત્ર અનુજને ફોન કરીને જણાવ્યું કે, મમ્મીનું ધ્યાન રાખજે. એ બાદ ફોન મૂકી દીધો હતો. સાંજે 6 કલાકે ઘરે આવતાં પિતા લાલજીભાઈને ખાનગી કારમાં સારવાર માટે ખોલવડની દીનબંધુ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં દાખલ કરવામાં આવ્યા હતા. લાલજીભાઈના પુત્ર અનુજે માતાને આ બાબતે પૂછપરછ કરતાં બાથરૂમમાં ગયા અને બહાર આવીને સેલફોસ નામની દવા પી લીધી હોવાનું જણાવ્યું હતું. બાદ સારવાર દરમિયાન લાલજીભાઈ રાઠોડનું સારવાર દરમિયાન મોડી રાત્રિના 12.30 કલાકે મોત નીપજ્યુ હતું. જે અંગે કામરેજ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### સાકી ગામે પરપ્રાંતીય યુવકનો આપઘાત

પલસાણા: મૂળ મધ્યપ્રદેશના મુરેના જિલ્લાના હરિચંદ્રકાપુરા ગામના વતની અને હાલ પલસાણાના સાકી ગામે આવેલી શિવપૂજન સોસાયટીના પવન પેલેસના રૂમ નં.૪૦૬માં રહેતા ૨૬ વર્ષીય અંકુશસિંહ ભુરાસિંહ તોમરે ગઈકાલે તા.૧૧ જૂન-૨૦૨૬ના રોજ બપોરે ૧ થી સાંજના ૫ વાગ્યાના સમયગાળા દરમિયાન પોતાના રૂમમાં પંખા સાથે સાડી બાંધી અગમ્ય કારણોસર ફાંસો ખાઈ લીધો હતો. આ બનાવ અંગે મરણ જનાર યુવકની પત્ની પૂજાબેન દ્વારા પલસાણા પોલીસ મથકમાં જાણ કરવામાં આવી હતી. પત્નીની ફરિયાદના આધારે પલસાણા પોલીસે આ મામલે અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે. યુવકે કયા કારણોસર આ આત્મઘાતી પગલું ભર્યું એ હજી જાણી શકાયું નથી.

### ઈસરોલી ગામમાં ગેસ રિફિલિંગ કૌભાંડ

બારડોલી: બારડોલીના ઇસરોલીમાં આવેલી રંગોલી હોટલની પાછળ 'તકદીર ખાન શોપ' નામની પતરાની કેબિનમાં ચાલી રહેલા ગેરકાયદે અને જોખમી ગેસ સિલિન્ડર રિફિલિંગના કૌભાંડને સુરત ગ્રામ્ય સ્પેશિયલ ઓપરેશન ગ્રુપ (SOG)એ ઝડપી પાડ્યું છે. પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને કુલ રૂ.૨૩,૫૦૦ના મુદ્દામાલ સાથે આરોપી તકદીર કલંદર બુરાન (ઉં.વ.૩૫)ની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, આરોપી ગેસ કંપનીના ટેમ્પો ચાલકો પાસેથી ગેરકાયદે રીતે ઘરેલુ અને કોમર્શિયલ સિલિન્ડર મેળવીને, કોઈપણ પાસ-પરવાના વગર પોતાના આર્થિક લાભ માટે જોખમી રીતે ગેસ રિફિલિંગ કરતો હતો. ઘટના સ્થળેથી પોલીસે ૧૪ કિલોના ૨, ૧૯ કિલોના ૨ અને ૫ કિલોનો ૧ મળી કુલ ૫ ગેસ સિલિન્ડર, રિફિલિંગ માટેની ઇલેક્ટ્રિક મોટર, નોઝલ પાઇપ અને વજન કાંટો જપ્ત કર્યો છે. બારડોલી પોલીસ મથકે ગુનો નોંધી વધુ તપાસ આદરી છે.

### ભરૂચમાં બે ભાઈ સહિત ત્રણ પર હુમલો

ભરૂચ: ભરૂચ સોન તલાવડી વિસ્તારમાં રહેતા અને વ્યવસાયે ડ્રાઈવિંગ કરતા રાજેશભાઈ શૈલેષભાઈ વસાવા, તેમનો ભાઈ આકાશ અને મિત્ર ફાલ્ગુન ૧૧ જૂનના રોજ રાત્રે સાડા નવેક વાગ્યાના અરસામાં ઘર પાસે આવેલ ગલ્લા પર બેઠા હતા. દરમિયાન સોન તલાવડીના જ ધ્રુવ, વિક્રમ અને આરિફ નામના ઈસમો ત્યાં આવીને ફળિયાના નાના છોકરાઓ સાથે બોલાચાલી કરવા લાગ્યા હતા. રાજેશભાઈ તેમને રોકવા જતાં એક મહિના પહેલા થયેલી નાની બાબતની અદાવત રાખી ત્રણેય આરોપી એકદમ ઉશ્કેરાઈ ગયા હતા. આરોપીઓએ પહેલા ત્રણેયને ગડદાપાટુનો માર માર્યો હતો. ત્યારબાદ આરોપી ધ્રુવે પોતાના નેફામાંથી છરો કાઢીને રાજેશભાઈના પેટના ભાગે અને વચ્ચે પડેલા તેના ભાઈ આકાશના પેટની ડાબી બાજુએ ઝીંકી દીધો હતો. જ્યારે તેમનો મિત્ર ફાલ્ગુન બચાવવા વચ્ચે પડ્યો, ત્યારે ધ્રુવે તેના જમણા હાથના પંજા પર પણ ચપ્પુ મારી દીધું હતું. હુમલાખોરોએ જતાં-જતાં તીક્ષ્ણ હથિયારો બતાવી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. લોહીલુહાણ હાલતમાં બંને ભાઈને સારવાર માટે હોસ્પિટલ લાવવામાં આવ્યા હતા. પોલીસે આ મામલે ધ્રુવ, વિક્રમ અને આરિફ વિરુદ્ધ ગુનો નોંધીને પીએસઆઈ નરેશકુમાર પાટીલને તપાસ સોંપી છે.

# ખેરવાડા રેન્જમાં વનકર્મી પર હુમલો કરનારા બેને 1 વર્ષની કેદ

વ્યારા: તાપીમાં નવેમ્બર-2021માં વનકર્મી પર હુમલો કરવાનાં પ્રકરણમાં તાપી જિલ્લા સેશન્સ કોર્ટે બંને આરોપીને 1 વર્ષની કેદની સજા સાથે રૂપિયા 1 હજારનો દંડ ફટકાર્યો છે. મળતી માહિતી મુજબ તા.27-11-2021ના રોજ સોનગઢ તાલુકામાં ખેરવાડા રેન્જમાં ફરજ બજાવતા વનકર્મી લાલુભાઈ ઉસ્માનભાઈ કુરેશી ભટવાડા ખાતે જીપીએસ લોકેશનની કામગીરી માટે ગયેલા હતા. દરમિયાન આરોપી જમના રૂપસિંગ વસાવા (રહે.,ભટવાડા, તા.સોનગઢ) ધમકી આપી ફરિયાદી પર સાંબેલા વડે હુમલો કરી દીધો હતો. જેમાં વનકર્મીને ડાબા હાથમાં ફ્રેક્ચર થયું હતું અને ત્યારબાદ અન્ય આરોપી અનિલ ગુરજી વસાવા (રહે.,અજવાર, તા.સોનગઢ)એ વનકર્મી પર કોયતાથી હુમલો કરવાની કોશિશ કરી હતી. જો કે, ઘટના સ્થળે અન્ય સ્ટાફના માણસો આવી જતાં બંને આરોપી ભાગી છૂટ્યા હતા. જે અંગે સોનગઢ પોલીસ મથકમાં બંને આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. તાપી જિલ્લા સેશન્સ કોર્ટમાં કેસ ચાલતા બંને આરોપી ગુનામાં દોષિત પુરવાર થતાં ગતરોજ કોર્ટે બંને આરોપીને 1 વર્ષની કેદની સજા અને 1 હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો હતો.

# પલસાણાના રૂ.2.30 કરોડના વિદેશી દારૂ પર રોલર ફેરવાયું

પલસાણા: છેલ્લા ચાર મહિનામાં પલસાણા પોલીસ મથક વિસ્તારમાંથી ઝડપાયેલા 2.30 કરોડથી વધુની કિંમતના વિદેશી દારૂના જથ્થાનો ઉચ્ચ અધિકારીઓની હાજરીમાં કાયદેસર રીતે નાશ કરવામાં આવ્યો હતો. 1 નવેમ્બર-2025થી 7 માર્ચ-2026 દરમિયાન દારૂની હેરફેરના કુલ 35 ગુના નોંધી વિદેશી દારૂ અને બિયરની 1,04,519 બોટલ જપ્ત કરવામાં આવી હતી. આ જપ્ત કરાયેલા મુદ્દામાલની અંદાજિત કિં.2,30,06,246 જેટલી થતી હતી.

પલસાણા પોલીસ ઈન્સ્પેક્ટર ભગવાનભાઈ ઝીલેરિયાની કોર્ટમાં રજૂઆત બાદ મંજૂરી મળતાં આ નિકાલની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. કીકવાડના જૂના રસ્તા પર જિલ્લા નાયબ પોલીસ અધિક્ષક એચ.એલ. રાઠોડ, પ્રાંત અધિકારી વી.કે.પીપળીયા, મામલતદાર અને નશાબંધી વિભાગના અધિકારીઓની ઉપસ્થિતિમાં આ લાખો બોટલો પર રોડ રોલર ફેરવી દેવામાં આવ્યું હતું. ચુસ્ત પોલીસ બંદોબસ્ત અને ફાયર તથા મેડિકલ ટીમની હાજરીમાં આ કાર્યવાહી કરવામાં આવી હતી.


